

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અનેક ખૂન-ખરાબા દુષ્કર્મો જોઈ નાખ્યાં છે,*
*ટીવી-ફિલ્મો-મોબાઈલે સંસ્કાર ધોઈ નાખ્યા છે*
*રોઈ નાખ્યા છે વાંચન વિના ચિંતન - મનન -*
*વિકૃત થયા સ્વભાવ ચારિત્ર્ય ખોઈ નાખ્યાં છે.*
*(ગુન્હાખોરીનું જનૂન)*

### હાઈકુ

*સ્વાધ્યાય નહીં -*
*થયાં રાક્ષસી વર્તન -*
*સત્સંગ વિના...*

*ખર્ચે છે પૈસા -*
*પ્રેમ - વાત્સલ્ય વિના*
*ફરજ પૂરી ?!*

*(વાલીઓના બાળ ઉછેરમાં ખામી)*

### ચિંતન

**દુર્જનઃ પરિકર્તવ્યઃ સદ્‌ભાવૈર્મંડિતો અપિ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સદ્‌ભાવયુક્ત હોય તો પણ દુર્જનનો ત્યાગ કરવો.

દુષ્ટ વ્યક્તિ બહારથી ભલે ગમે તેટલી ભલી-ભોળી, સુશીલ અને સજ્જન દેખાતી હોય (એવો દંભ કરતી હોય, એને ભલે ગમે તેટલા વિષયોનું ગહન જ્ઞાન હોય, તો પણ એની મિત્રતા વર્જ્ય છે. કારણ કે તેની મિત્રતાથી હાનિ-નુકશાન જ થાય છે. મણિ ધરાવતો નાગ આખરે નાગ જ રહે છે, પછી ભલે ને એની ફેણ ઉપરનો મણિ ગમે તેટલો કિંમતી હોય!!

ઘણીવાર દુર્જન લોકો મીઠું મીઠું બોલી સજ્જનતાનો સ્વાંગ સજે, પણ દુર્જનતાનું કલેવર છોડી નમી શકતા આવી વ્યક્તિઓથી સાવધ રહેવું.

### સુવિચાર

- અમીર-ગરીબ સાચી દોસ્તીની ઘણી દાસ્તાનો છે,
  આમાં સવાલ અમીર-ગરીબ સ્થિતિનો નહીં પણ મનોવૃત્તિનો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસે જિંદગી નામના એક પરવાનાની અચોક્કસ મુદતને કારણે જ
  તેની કિંમત સમજવી જોઈએ ? - **કાંતિ ભટ્ટ**
- જિંદગી જેમ જેમ ઉકેલાતી આવે તેમ તેમ તેનું ભરત ગુંથણ કરવું તેમાં મજા છે - **ફાધર વાલેસ**
- તમે જયારે ખુલ્લી છાતીએ નિષ્ફળતાને બાથ ભરવા તૈયાર થાઓ છો ત્યારે
  ઘણું ખરું તે તમારી સાથે કુસ્તી કરવા આવતી જ નથી - **વિલિયમ સ્મિથ**
- ધનથી કુશળ કારીગર પેદા થતો નથી, પણ કુશળ કારીગરથી ધન પેદા થાય છે - **મુંબઈ સમાચાર**
- ધ્યેય સાધના માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરનારા લોકો માટે જિંદગી
  એ હિસાબનો ચોપડો નથી - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : કાજુનો ભૂક્કો નવશેક, મોળા દૂધમાં પીવાથી બ્લડ પ્રેશર કાબુમાં રહે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે જણા સાંજના સમયે બજારમાંથી પસાર થતા હતા. ઘોંઘાટનું પ્રમાણ ખૂબ હતું. એવામાં ચર્ચનો ઘંટારવ થયો અને એ મધુર અવાજ સાંભળી એક જણ બોલ્યો, 'કેટલા મધુર આવા જ છે, આ ચર્ચના ઘંટારવ સામે તો બીજો કોઈ ઘંટ મુકાબલો જ ન કરી શકે.' બીજાએ કહ્યું, 'તું શું વાત કરે છે મને તો કશો અવાજ સંભળાતો નથી.' કારણ કે બજારના શોકબકોરમાં ખોવાયેલો બીજો જણ જોતો હતો કે ઘોડાઓ હણહણી રહ્યા છે. ગાડીઓ જોડાઈ રહી છે. બળદોને ડકચારા થઈ રહ્યા છે. બજાર પૂરી થવામાં ઘોંઘાટ મોટો થઈ રહ્યો છે. બીજાએ કહ્યું, 'આવા શોરબકોરમાં પણ તને ઘંટારવની પડી છે? મને તો આ દેકારો જ સંભળાય છે.' એવામાં કોઈના રૂપિયા સિક્કા ખણણ કરતા સડક ઉપર પડ્યા. ભીડ એકઠી થઈ ગઈ. જેને ચર્ચનો ઘંટારવ નહોતો સંભળાયો એ પણ દોડીને પહોંચ્યો. પહેલા એ પૂછ્યું, 'કયાં જાય છે અને કેમ જાય છે ? બીજાએ કહ્યું, 'સાંભળ્યો નહીં રૂપિયાનો ખણખણાટ?' કોઈકના રૂપિયા પડ્યા છે.' પહેલાએ અચરજથી પૂછ્યું, 'આટલો દેકારો છે. ઘોડાઓ હણહણી રહ્યા છે. ગાડીઓ જોડાઈ રહી છે, બળદોને જોડી વેપારીઓ ઘર તરફ જવાના છે અને ચર્ચનો ઘંટારવ ચાલુ છે. આવા ઘોંઘાટમાં પણ તને રૂપિયા પડવાનો ખણખણાટ સંભળાયો?' જેની નજર રૂપિયા ઉપર છે એને હજારો પ્રકારના ઘોંઘાટમાંય રૂપિયાનો રણકાર સંભળાયા વિના નહીં રહે. જેની ઉપર રૂપિયાની પકડ છે એને ફક્ત રૂપિયામાં જ સંગીત સંભળાય છે એને ચર્ચનો ઘંટારવ સંભળાતો નથી.

# બેટી બચાવો અભિયાનની હાલત કફોડી

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીનગર જિલ્લાના જ ગ્રામીણ વિસ્તારમાં છઠ્ઠી દીકરીને ક્રૂરતાપૂર્વક ચપ્પુના ઘા મારી મોતની સજા કરનાર પિતા હયાત છે. સુરત જેવા શહેરમાં વીઆઈપી રોડ પર એક બિલ્ડર પત્નીને ફક્ત એટલા કારણસર તરછોડે છે કે એણે દીકરીને જન્મ આપ્યો છે અને જો ઘરે પાછા ફરવું હોય તો રોકડા પંદર લાખ લઈને આવજે એવી શરત મૂકે છે. આવી ઘટના કદાચ દેશના કોઈ અલ્પ વિકસિત રાજયમાં બની હોય તો આપણે દેશની દયા ખાઈને અફસોસ વ્યક્ત કરી છાપું બાજુમાં પણ મૂકી દીધું હોત. જેને વૈશ્વિક રોલ મોડેલ તરીકે રજૂ કરાતું રહ્યું છે એવા ગાંધીના અહિંસક ગુજરાતમાં પણ મોદીના વિકસિત ગુજરાતમાં આ ઘટનાઓ બની છે. આવી ઘટનાઓ પ્રકાશમાં આવે ત્યારે પ્રજાને - દુનિયાને જાણ થતી હોય - એટલે આવી અનેક દુર્ઘટનાઓ છાપાના પાને ચડ્યા વગર જ છૂપી રહેતી હોય તે બનવાજોગ છે. બેટી પઢાવો - બેટી બચાવો જેવાં રૂપકડાં સૂત્રોથી ગામડાં, નગર અને શહેરોનાં હોર્ડિંગ્સ ઊભરાતાં રહે છે. સરકાર તો એની પવિત્ર ફરજ બજાવીને બાજુએ હટી ગઈ. એથી જરૂર થોડી લોકજાગૃતિ પણ આવી હશે એની ના નહીં. એથી નિઃસંતાન વડાપ્રધાનને દીકરીઓ કેટલી વહાલી છે એવો મેસેજ પણ ગયો હશે અને માતાઓ, બહેનો તથા દીકરીઓએ ઉમળકાભેર એમની પાર્ટીને અઢળક વૉટ પર આપ્યા હશે. પરંતુ એથી પેલી કઠોર વાસ્તવિકતા થોડી જ બદલાઈ જશે ? હજી આપણો સમાજ પૂર્ણપણે પુરુષપ્રધાન સમાજ છે. એમાં સ્ત્રીનું સ્થાન ગૌણ છે - એ કેન્દ્ર સ્થાને નથી. એ માત્ર વંશવેલો વધારવાનું સાધન છે, રસોઈ અને ઘરની સાફસફાઈ કરનારી વગર પગારની કર્મચારી છે. એ માતા છે એટલે એના પ્રત્યે આદર છે, પૂજ્ય ભાવ છે - પણ વારસો તો પિતા પાસેથી મળે છે. એટલે એનો એક લિમિટેડ રોલ છે. પત્ની તરીકે એ કાયમી મનોરંજનનું યંત્ર છે - એની ઈચ્છા ન હોય તો પણ પતિ એને ભોગવી શખે, એવો અદાલતનો ચુકાદો છે! વળી બહેન-દીકરી તરીકે તો એ વિશેષ જવાબદારી જ બની રહે છે. એ પારકા ઘરની થાપણ છે, સાપનો ભારો છે, એવી માન્યતામાંથી પુરુષપ્રધાન સમાજ હજી બહાર નથી આવ્યો તેનું આંખ ઉઘાડનારું ઉદાહરણ ગાંધીનગર જિલ્લાથી લઈ સુરત પર્યંત જોઈ શકાય છે. શું આ પરિસ્થિતિનો કોઈ ઉકેલ જ નથી ? કદાચ આ સ્થિતિનો સંપૂર્ણ ઉકેલ આણવા માટે આપણે હજી દાયકાઓ સુધી રાહ જોઈ પડે તો નવાઈ નહીં. આ સમસ્યા આપણા લોહીમાં વણાઈ ગયેલી છે. પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા બદલાય તો જ એનો ઉકેલ શક્ય બને. અલબત્ત, કાયદાની રૂએ કડકાઈ જરૂર આંશિક ફરક પાડી શકે. પરંતુ ત્યાં પણ જયારે ખુદ છ દીકરીઓની મા એની નવજાત પુત્રીના હત્યાકાર પિતાની તરફેણ કરતું નિવેદન કરે ત્યારે કેવી કરુણતા સરજાય તે દર્દનાક વાસ્તવનો પણ વિચાર કરવો જ રહ્યો.

# આ મેંગોને ઝાડ પર કોણે 'ટેગ' કરી?



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડો. સંતોષ દેવકર

'ઓહ..... શીટ્સ.....! '
'વૉટ હેપન્ડ માય બૉય ?'
'વૉટ એન ઈડિયટ વર્ક ઈટ ઈઝ !'
'શું થયું ? કયુ ઈડિયટ કામ ?'
'આ મેંગોને ઝાડ પર કોણ ટેગ કરી ?'
'અરે.... બેટા,પ.. આ તો...... !'

ઢળતા બપોરની એક સાંજે કાળા કલરની મોંઘી મર્સિડીઝ કારનું ગામમાં આગમન થયું.મેગા સીટીમાં વસતા અને ઊંચી ફી લેતી શાળામાં ભણતાં કેટલાંક વિદ્યાર્થીઓ ગામડામાં પોતાનાં સંબંધીને ત્યાં વેકેશન ગાળવા આવ્યાં હતાં. વાલીનો આશય હતો કે ગામની સંસ્કૃતિ અને સુંદરતા વિશે બાળકો સમજે, માણે અને મોજ કરે.

રાત્રે આંગણામાં ખાટલા ઢાળીને સૂતા બાળકોને ખુલ્લા આકાશ નીચે સુવાની ખૂબ મઝા પડી. એસી રૂમમાંથી કયારેય બહાર નહિ નિકળેલા બાળકોને જુદો જ અનુભવ થયો.

સવારે વહેલા ઊઠીને યજમાન,બાળકોને ખેતરે લઈ ગયા. પહેલી વખત આ રીતે સુર્યોદય નિહાળતા બાળકોને આનંદ અને આશ્ચર્યની અનુભૂતિ થઈ. બાળકો દાડમ-ચીકુ ને કેરીના ખેતરો ખૂંદી વળ્યાં. નદીના છીછરા નીર માં ધુબાકા માર્યા.થાકીને લોથપોથ થઈ ગયા. મોળી છાશ પીવાની ને કેરીને ગોળીને ખાવાની ખૂબ મજા પડી.

પરંતુ સાંજે વાળુ કરતી વખતે યજમાનનું મગજ ચકરાવે ચડી ગયું. કારણ બાળકોનો પ્રશ્ન જ પેચીદો હતો. જવાબ શું આપવો એ તેમને સૂઝયું જ નહિ. બાળકોનો પ્રશ્ન સાંભળીને ઘરના સૌ સભ્યો અવાક થઈગયા હતા. બાળકોનો પ્રશ્ન હતો કે ,'બધા ફ્રુટસને ઝાડ પર કોણે ટેગ કર્યા છે ?'

' ઓહ..તો.. મને એ કહો કે તમારે ત્યાં શહેરમાં ફ્રુટસ કયાં થી આવે છે ?' યજમાને પ્રતિપ્રશ્ન કર્યો.

'બાઉલમાંથી.' બાળકે તરત જ ઉત્તર વાળ્યો. ડાઈનીંગ ટેબલ પર રહેલા બાઉલમાં જ બધા ફ્રુટસ હોય છે. જયારે અહીં તો બધા જ ફ્રુટસને ઝાડ પર ટેગ કરવામાં આવ્યા છે. એવું કેમ ? આવું હાર્ડવર્ક કોણે કર્યું ? હા... પણ ઝાડ પરથી ફ્રુટસ તોડવાની મજા પડી એ ખરું !

ધીરે ધીરે કુદરત સાથેના સંબંધોમાં છીછરા પણું આવવા લાગ્યું છે. ઝાડ પર ચડવું, ભૂસકા મારવાં, નદીમાં તરવું, ખેતરના શેઢા પર દોડવું, ઘાસના પૂળાના ઢગલા પર કુદવું, કૂવેથી પાણી ખેંચવું, ખેતરની મુલાયમ કાળી માટીમાં ચંપલ વગર ચાલવું, બળદગાડામાં બેસવું, ગાડું ડ્રાઈવ કરવું, વગેરે કાર્યો સાથે બાળકોની અસ્પૃશ્યતા વધવા માંડી છે. આ બધા કાર્યો કરવાથી મળતો આનંદ અને મજા આજના મોબાઈલ યુગમાં હેંગથઈ ગયાં છે. મોંઘી ને મોટી શાળામાં એડમીશન મેળવી લેવાથી મા-બાપની જવાબદારી પૂરી થઈ જતી હોય તેવો માહોલ જોવા મળે છે. મોબાઈલની વિવિધ એપ-ગેમ સાથે રમતાં બાળકોને જોઈ પેરેન્ટસ હરખપદુડા થઈ જતા જોયા છે.

મન -હૃદય ને કેળવે તે જ સાચી કેળવણી. આધુનિકતાની આ દોડમાં કયાંક હૃદયની કેળવણી આપવાનું ચૂકી જવાયું છે. પરિણામે માન-સન્માન અને આદર ભાવના પ્રશ્નો ડોકાતા રહે છે. ન શિક્ષકોને માન મળે છે, ન મા-બાપને આદર. આજે મન-હૃદયની કેળવણીનો છેદ ઊડતો જણાય છે. પછી બાકી રહેતું શિક્ષણ વૃધ્ધાશ્રમો ઊભા કરશે એવો વહેમ પાકો થતો જાય છે. હૃદયની કેળવણીના અભાવે આત્મહત્યાની સમસ્યા પેદા થતી હોય છે. કેળવણીઋષિ નાનાભાઈ ભટ્ટે નિસર્ગની કેળવણી પર ભાર મૂકેલો, જે બાળકના મન-હૃદયને કેળવે. બાળકોને કુદરત સાથે જોડે તેવા અભ્યાસક્રમો રચાવા જોઈએ. કુદરત પ્રત્યે બાળકને પ્રેમ ઊભો થાય પછી સૃષ્ટિના કર્તાના પ્રેમને પામતા કંઈ વાર લાગે ?

કેળવણીનો એક છેડો કુદરત સાથે જકડી રાખે અને તેવા પ્રયત્નો કરે તેવી શાળાઓ કેટલી ?

**મિસરી**

'અબ મૈં રાશન કી કતારોમેં નજર આતા હું
અપને ખેતોસે બિછડને કી સજા પાતા હું'

(ગાયક : જગજીતસિંહ)

- santoshdevkar03@gmail.com

# આપણે તો... આપણે તો... ખરેખર આપણે જ છીએ...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

કયારેક યાચું શું સત્
કયારેક સ્વપ્ન યાચું,
કયારેક દોડું છું કાળને પાછળ નાખું
કયારેક વર્ષું છું અમૃતની સેર અને
કયારેક મૃત્યુની ભોળી ભીખ માંગુ,
કયારેક કરું વેશ તો સત્ય લાગે !
કયારેક કરું સત્ય મને વેશ લાગે !
કયારેક સંયમી, સંશયાત્મા, વિરાગી,
કયારેક અધીરો, કયારેક મત્તકામી,
આવો હું... તેઓ હું... કેવો હું કળાય ના !
- પોતાના ઘરે દૂર તો હું અતિથિ !
- વિંદા કરંદીકર

મરાઠી કવિયત્રી વિંદી કરંદીકરની આ કવિતા સુરેશ દલાલ દ્વારા અનુવાદિત છે... સુરેશ દલાલ ઉત્તમ ગજાના કવિ તો ખરા જ પરંતુ તેમણે વિશ્વભરની કવિતાઓને આપણી સક્ષમ આપણી ભાષા મૂકી દીધી છે, ખૂબ ઊંચુ યોગદાન કવિતાક્ષેત્રે તેમનું લેખી શકાય.

આ કવિતાનો મૂળ ભાવ માણસની આપણી માનસિકતા વિશેનો છો... તમે અને હું આપણે સૌ આવી દ્વંદ્વ ભરી અસમંજસના શિકાર બનતા રહ્યા છીએ... અને ભવિષ્યમાં બનતા પણ રહીશું...

કૂતરાનો સ્વભાવ ભસવાનો છે, તે તેમ જ કરશે... સાપ ફૂફાડો મારશે, ડંસ દેશે, કાગરાની સામે જારના દાણા હશે છતાં તે એંઠવાડ પહેલા ખાશે, એ જ કાગડાને મૂરખ બનાવતી કોયલ પોતાના ઈંડા તેના માળઆ મૂકી આવે છે, તે કોયલનો સ્વભાવ છે... વૃક્ષનો સ્વભાવ છે,આપવાનો. ફળ, ફુલ, છાયો, લાકડું, બધું જ તો આપે છે. વૃક્ષ, કયારેય લેવાની અપેક્ષા નથી રાખતું આ વૃક્ષનો સ્વભાવ છે.

અને માણસનો સ્વભાવ... Well માણસ સમય પ્રમાણે ઉપરના દરેકનો સ્વભાવ ધારણ કરે.. કરી શકે છે... માણસ ક્ષણે ક્ષણે બદલાતો જાય છે... અને કયારેક ક્ષણે ક્ષણને બદલી પણ નાખે છે... એકમાં અનેક માણસો છે, અને અનેકમાં એક...

આપણે To be અને To Be Not ની પરિસ્થિતિઓમાં અટવાયેલા અસમંજશના અવતાર છીએ... આપણો ભરોસો કોઈ બીજો તો ઠીક, આપણે પોતે પણ કરી શકતા નથી... પલ મેં રામ પલ મેં રાવણ.... વિચારોના એવા અગણિત ધાડા આવતા રહેતા હોય છે કે,આપણએ ચલિત થઈ જઈએ છીએ...

આપણે ધારણાઓ નહીં પરંતુ પૂર્વધારણાઓ કરવામાં શીઘ્ર છીએ... કોઈ વિશે ચોક્કસ અભિપ્રાય (સારો કે નરસો) બાંધી લેવામાં ઉતાવળ કરીએ છીએ અને પછી એટલી જ ઝડપથી આપણા જ વિધાનથી ફરી પણ જઈએ છીએ...

**DO I CONTRADICT MYSELF ?**
**Very well, then I Contradict myself,**
**(I am large, I Contain Multitudes)**
- વૉલ્ટ વ્હિટમેન

આમ તો મૂર્ધન્ય કવિ વૉસ્ટ વ્હિટમેનની ઉપરોક્ત પંક્તિ જ આપણા જીવનનો સાર છે...

આપણે અસરાની, અમરીશપુરી અને અમિતાભનું કોમ્બો વર્ણન છીએ... મલ્ટી ટેલેન્ટેડ વર્સેટાઈલ એક્ટર્સ છીએ.... કોઈ ટાઈપકાસ્ટમાં જ આવતા માત્ર એક આયામી વ્યક્તિ નથી બહુઆયામી વ્યક્તિત્વો છીએ...

બેસણમાંથી ઉદ્‌ઘાટનમાં જઈને નિરાંતે આઈસ્ક્રીમ આરોગી શકીએ તેટલા સ્વસ્થ મનવાળા છીએ... મંદિરમાં હજારોની સખાવત કરતા બહાર કોઈ ગરીબ વૃદ્ધને જમવાના પૈસા આપણા પણ અચકાતા રહીએ તેવા છીએ...

આપણે બોસની બર્થ ડેમાં મોંઘીદાટ ભેટ લઈ જઈને ચાપલૂસી કરીએ છીએ, પરંતુ કાકાની દીકરીના લગ્નમાં ચાલ્લો કરતી વખતે આપણા દીકરાના લગ્નમાં કેટલો ચાલ્લો આપ્યો તેની ખાતરી કરવા જૂની ચાલ્લાની નોટ ખોલીને બેસીએ તેવા દોગલા છીએ...

આપણે જયારે દોષી હોઈએ ત્યારે સમગ્ર સમાજના નિયમો આપણે જૂનવાણી, અને બોદા લાગે છે પરંતુ કોઈ વખત સામેવાળાનો જો વાંક ડડી આવે તો તરત સમાજના ઠેકેદાર બની જઈએ ચૂકાદો સંભળાવી દેવાવાળા નામદાર ન્યાયધીશ બની જઈએ છીએ... આપણે તો આપણે તો ખરેખર આપણે જ છીએ...

બીજાને સલાહ આપવાની હોય ત્યારે, ગીતાના અઢારે અઢાર અધ્યાય યાદ હોય છે, પરંતુ જયારે આપણે વારો સમજવાનો આવે ત્યારે બધા જ પુરાણ - ગીતા ખાલી થોથા લાગે છે...

છતાં પણ એક વાત તો કહેવી પડે... હો ! જેવા છીએ તેવા આપણે બેજોડ છીએ... આવા અદ્‌ભૂત કોન્ટ્રાડિકશનવાળા યુનિક પીસ ઈશ્વરે બીજા કોઈ કયાં બનાવ્યા છે... અને માટે જ કદાચ સુરેશ દલાલે કહ્યું છે કે -

ના. ના નહીં ધિક્કારવા જેવો,
માણસ અંતે ચ્હાવા જેવો,
ખૂણા-ખાંચા હોય છતાંયે
માણસ એ તો
ગીત ગઝલમાં મન મૂકીને ગાવા જેવો !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## ધૈર્ય - ધીરજ

ઉત્સાહના જોશમાં મર્યાદા છૂટી જવાનો પ્રશ્ન રહે છે. ઉત્સાહ સાથે ધૃતિ એટલે કે, ધૈર્ય-ધીરજના ગુણ પણ જરૂરી છે. એટલે જ કહેવૌયું હશે કે,

'ધીરજનાં ફળ મીઠાં હોય' અને 'ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર' આ મર્મલક્ષી કહેવતો કેટકેટલું સમજાવી જાય છે !



**થોટ**
નટવર આહલપરા

જો કોઈ પણ કાર્ય ધીરજથી કરતાં રહેશું તો લક્ષ્ય સુધી અચૂક પહોંચી શકાશે. આપણા લક્ષ્ય સુધી પહોંચવા માટે ધૈર્યથી ધીરજથી સ્વયં પ્રયત્ન કરનારા છે.

ધૈર્યવાન મનુષ્યનું ચિત્ત હંમેશા સ્વસ્થ, પ્રસન્ન અને સ્થિર રહે છે. તેમના માટે ચલિત થવાનું પાલવે નહીં. લક્ષ્ય સુધી પહોંચવા અથવા ટોચ સુધી પહોંચવા ઘણાં મનુષ્યોએ સફળ, યાદગાર અને રોમાંચક ક્ષણો ગુમાવીનો ભયંકર નુકશાન વેઠે છે. ક્ષણમાં કે, થોડા સમયમાં વધુ મેળવવાની લાલસા ધરાવનારા જ સંતો, વૈજ્ઞાનિકો, કેળવણીકારો મહાન વ્યક્તિઓ બન્યા છે. અનેક ઉપકારક સંશોધનો કરનારા વૈજ્ઞાનિકોએ પોતાના સંશોધનમાં વર્ષોનાં વર્ષો પસાર કરે છે ત્યારે તેમની ધીરજના ફળરૂપે જગતને ફાયદાકારક શોધ પ્રાપ્ત થાય છે.

ધૈર્ય - ધીરજથી ધરતી જગતને બોજ કેટલો સહન કરે છે અને માનવનો અમૃતફળ, ધાન્ય વગેરે આપે છે. ખરેખર ધૈર્ય - ધીરજ માનવસમુદાયની પ્રગતિમાં હંમેશાં પ્રગતિકારક મિત્ર બને છે.

# પ્રામાણિકતાના કિસ્સાઓને વધાવીએ...



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'અરે, ખરા માણસ છે આ !!!, હમણાં કહેતા હતા કે હું આ સો રૂપિયાની રકમ પરત લેવા નથી આવ્યો, ને મેં આપી તો પાછી આભાર આભાર કરતા લઈ પણ લીધા !!'... આવો મનોમન સંવાદ સુજાતો પોતાની જાત સાથે એક ક્ષણ માટે કર્યો હજુ એ કાંઈ વિચારે એ પહેલાં અપૂર્વએ એક બોક્સ જેવું એના ટેબલ પર મૂક્યું એટલે એ વધુ ચમકી... આ શું છે ?

વાત ગણો કે ઘટના, સાવ નાની છે, વ્યક્તિગત બે પાત્રો વચ્ચેની છે પરંતુ એમાંથી ઊઠતા તરંગો એટલા જ રસપ્રદ અને પોઝીટીવ છે.

સરકારી નોકરી કરતો અપૂર્વ અમદાવાદમાં વર્ષોથી રહે છે. રોજ સવારે પોઈન્ટની બસમાં કે પછી 'શેરીંગ' વાળી કારમાં સમયસર ગાંધીનગર પહોંચી જવું, આખો દિવસ સરકારી કાર્યો, ફાઈલો, પ્રોજેકટને કામના બીલો ને ચર્ચાઓ - મિટીંગો - સૂચનાઓમાં એ વ્યસ્ત રહે... એની સાથેના કર્મચારીઓ કરતા કામ માટેની જાગૃતિ અને સંવેદના વધુ એટલે અધિકારીઓ દ્વારા પણ એને બીજા કરતાં વધુ કામ સોંપવામાં આવે. કયારેક કંટાળ્યા વિના અપૂર્ણ હસતા હસતા બધા કામ સ્વીકારે અને પ્રશ્નો ઊભા કરવાને બદલે કામનો ઉકેલ લાવે એવો સ્વભાવ એની લોકપ્રિયતાનું દમદાર પાસુ બની રહ્યો હતો.

દીકરી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હતી. અત્યાર સુધીની કારકિર્દી સારી રહી હતી. એટલે સ્કૂલ ઉપરાંત ટ્યુશન પણ ગોઠવ્યા હતા. સમયે સમયે અનુકુળતા મુજબ એ પોતે અથવા એની પત્ની એને લઈ આવતાને મુકી આવતા. કયારેક બહેનપણી સાથે પણ જતી રહેતી હતી.

બે દિવસ પહેલા ગીયરલેસ સ્કૂટર રીપેરીંગમાં સવારે આપ્યું હતું. અપૂર્વ સ્કૂટર રીપેર થયા બાદ સાંજના સમયે લેવા ગયો હતો. સ્કૂટરના શો રૂમમાં કાઉન્ટર પર બેઠેલા બહેન જોબકાર્ડ બતાવ્યું. સ્કૂટર ચેક કર્યું, પૈસા ચૂકવ્યા ને રકમ પાછી પણ લીધી. દીકરીને ટ્યુશનમાં મૂકવા જવાની હતી અને ઉતાવળ હતી એટલે એ તુરંત પૈસા પરત આવ્યા તે ગણ્યા વિના જ નીકળી ગયો. એણે નોંધ્યું કે પેલા બહેન પણ કાંઈ ઉતાવળમાં હતા... હશે હવે મારા જેવું જ કોઈ કામ... એમ માનીને એ ઘરે આવ્યા - દીકરીને ટ્યુશનમાં મૂકી આવ્યો.

બે દિવસ બાદ સાંજે અપૂર્વના ફોન પર સ્કૂટરના શો રૂમમાંથી ફોન આવ્યો જેમાં એવો સંદેશ હતો કે એ દિવસે અમારે તમને પરત આપવાની રકમમાં રૂા. સો ઓછા અપાયા છે, તો આવતા જતા લઈ જશો. અપૂર્વે મનોમન નક્કી કર્યું કે હવે મારો સમય છે, પ્રમાણિકતાને પ્રોત્સાહિત કરવાનો...

એ બીજા દિવસે બપોરે ગયો... પેલા બહેનને મળ્યો... એમણે કહ્યું કે, 'હું મારા દીકરાને ટ્યુશનમાંથી લેવા માટે ઉતાવળમાં હતો, ખ્યાલબહાર ગયું... ઘરે જઈને ખ્યાલ આવ્યો કે પર્સમાં રૂા. ૧૦૦ વધુ છે, બીજા દિવસે ઑફિસમાં પણ પૈસાનો હિસાબ માંડ્યે ને થયું કે છેલ્લે તમે જ આવ્યા હતા એટલે તમારા હક્કના પૈસા પરત લ્યો.' અપૂર્વે પૈસા લીધા ન કહ્યું, 'આજે હું આ પૈસા પરત લેવા નથી આવ્યો, તમારામાં રહેલી પ્રમાણિકતાને વંદન કરવા આવ્યો છું, ને અહીં સ્ટાફના સભ્યો માટે મારા આનંદ રૂપે સો રૂપિયાથી વધુ રકમનો નાસ્તો આ બોક્સમાં લાવ્યો છું... પ્રામાણિકતાના પ્રસાદ રૂપે... હા - ના કરતા આખરે પેલા બહેને નાસ્તો સ્વીકાર્યો ને અપૂર્વ પણ આનંદની ભાવના સાથે ત્યાંથી નીકળી ગયો.'

પ્રમાણિકતા એક એવો સદ્‌ગુણ છે, જે આજના સમયમાં જોવા મળે તો સહજ આનંદ થાય.... એમાંયે સામાન્ય વર્ગના માણસે જયારે પ્રામાણિકતા દાખવે ત્યારે એની કદરદાની થાય એ પણ એટલું જ જરૂરી છે.

પ્રમાણિકતાના કિસ્સાઓમાં રકમ - વસ્તુ - પદાર્થ નહિ પરંતુ માણસના મનની નિર્મળતા, અણહકનું નહિ લેવાની સદ્‌વૃત્તિ મહત્ત્વના છે. અને તેના થકી જ જે તે માણસ વંદન કરવાને યોગ્ય બને છે. પ્રામાણિકતાના આવા કિસ્સાઓ આપણી આસપાસ બનતા જ રહે છે અને ત્યારે તેને વધાવવા એ પણ આપણી સામાજિક જવાબદારી છે. આવું થાય ત્યારે સદ્‌ગુણોના અજવાળા રેલાય છે.